### મોરખલાની દુકાનમાંથી ખરીદેલું બિયારણ ખામીયુક્ત નીકળ્યું, 60 વીઘામાં નુકસાન

# બોડેલીમાં નકલી બિયારણથી મગનો પાક નિષ્ફળ

**બિયારણમાં** છેતરાયા ખેડૂતો: ઘરનું બિયારણ લહેરાયું અને વેચાતું લીધેલું બિયારણ મુરઝાયું!

**છોડ** ઉગ્યા બાદ પાન પીળા પડ્યા અને શીંગો ન બેસતા ખેડૂતો ચિંતાતુર





(પ્રતિનિધિ) સંખેડા, તા.7

છોટા ઉદેપુર જિલ્લાના સંખેડા બોડેલી તાલુકાના ઊંચાકલમ અને છુછાપુરા ગામના ખેડૂતોને મગના પાકમાં મોટું નુકસાન થયું છે. મોરખલા ગામની એક દુકાનમાંથી ખરીદેલું બિયારણ નકલી અથવા ખામીયુક્ત નીકળતા, ખેડૂતોનો મગનો પાક નિષ્ફળ ગયો છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર, વાવેતર બાદ મગના છોડ ઉગ્યા તો ખરા, પરંતુ તેના પાન પીળા પડી ગયા હતા અને શીંગો પણ લાગી ન હતી. આશરે ૬ થી ૭ ખેડૂતોની ૬૦ વીઘા જમીનમાં વાવેલો મગનો પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે, જેના કારણે ખેડૂતો આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે.


એક ખેડૂતે પોતાના ખેતરના અડધા ભાગમાં મોરખલાથી ખરીદેલું બિયારણ અને બાકીના અડધા ભાગમાં પોતાના ઘરનું બિયારણ વાવ્યું હતું. બંને ભાગમાં સમાન ખાતર, પાણી અને દવા આપવામાં આવી હતી. આશ્ચર્યજનક રીતે, મોરખલાની દુકાનમાંથી ખરીદેલું બિયારણ નિષ્ફળ ગયું, જ્યારે ઘરનું બિયારણ સારી રીતે ઉગી નીકળ્યું.

આ ઘટનાથી ખેડૂતો છેતરાયા હોવાનો અહેસાસ કરી રહ્યા છે. તેમણે કૃષિ વિભાગને આ મામલે યોગ્ય તપાસ કરવા અને જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

### શું સંખેડા પોસ્ટ ઓફિસમાં એજન્ટોને છાવરવામાં આવે છે?

# સંખેડા પોસ્ટ ઓફિસમાં એજન્ટોની જગ્યાએ મળતિયાઓ વહીવટ કરતા હોવાના આક્ષેપ

**ગ્રાહકોને** રૂબરૂ હાજર રહેવા મજબૂર કરાતા હોવાની ચર્ચા, વર્ષોથી ગેરરીતિ ચાલતી હોવાનો દાવો




(પ્રતિનિધિ) સંખેડા, તા.7

સંખેડા પોસ્ટ ઓફિસ ખાતે સેવિંગ્સ પોસ્ટ ડિપોઝિટના એજન્ટોની જગ્યાએ તેમના મળતિયાઓ દ્વારા વહીવટ કરવામાં આવતો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે કેટલાક લોકો એજન્ટોની સહી કરી પોસ્ટ ઓફિસમાં વિવિધ નાણાકીય વ્યવહારો પાર પાડતા હોવાનું જોવા મળી રહ્યું છે.

મળતી માહિતી મુજબ, ઉંમરલાયક અથવા બીમાર વ્યક્તિઓ પોતે પોસ્ટ ઓફિસે આવી શકતા ન હોય ત્યારે તેમના વાઉચર પર સહી કરીને અન્ય વ્યક્તિઓ દ્વારા રજૂ કરવામાં આવે છે. જોકે આવા કિસ્સાઓમાં પોસ્ટ ઓફિસના અધિકારીઓ ગ્રાહકોને રૂબરૂ હાજર રહેવા માટે આગ્રહ રાખતા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે.

સ્થાનિક લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે સંખેડા પોસ્ટ ઓફિસમાં વર્ષોથી કેટલાક એજન્ટોને છાવરવામાં આવી રહ્યા છે, જ્યારે સામાન્ય ગ્રાહકોને નાની નાની બાબતોમાં હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે.

### બહાદરપુર નદી કિનારે બપોરે અચાનક લાગી આગ

# બહાદરપુર નદી કિનારે અચાનક વિકરાળ આગ ભભૂકી : ગ્રામજનોમાં ભયનો માહોલ

**આગમાં** નીલગીરીના ઝાડ બળીને ખાક, ગ્રામજનોમાં અફરાતફરી



(પ્રતિનિધિ) સંખેડા, તા.7

સંખેડા તાલુકાના બહાદરપુર ગામે નદી કિનારે બપોરના સમયે અચાનક આગ ભભૂકી ઉઠતાં ગ્રામજનોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે આસપાસ રહેતા લોકોના જીવ પડીકે બંધાઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, બહાદરપુર ગામની નદી કિનારે અગમ્ય કારણોસર લાગેલી આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા ગ્રામજનોમાં ભય ફેલાયો હતો.

આ ઘટનામાં ગ્રામ પંચાયતના નીલગીરીના અનેક ઝાડ આગની ઝપેટમાં આવી બળીને ખાક થઈ ગયા હતા. આગને કારણે વાતાવરણ ગમગીન બન્યું હતું.

સ્થાનિક લોકોએ તરત જ બહાદરપુરના સરપંચ ભૌમિકભાઈ દેસાઈને જાણ કરી હતી. સરપંચ દ્વારા તાત્કાલિક બહાદરપુર એપીએમસીના ફાયર ફાઈટરને જાણ કરવામાં આવી હતી. જોકે ફાયર ફાઈટર પહોંચે તે પહેલાં જ ગ્રામજનો જીવના જોખમે આગ બુઝાવવાની કામગીરીમાં જોડાઈ ગયા હતા.

પછી ફાયર ફાઈટરની ટીમ સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં નીલગીરીના ઝાડ બળીને ખાક થઈ ગયા હતા.

### દારૂનો જથ્થો છુપાવવા તબેલાનો ઉપયોગ

# ભોજ ગામે LCBનો દરોડો: 3.59 લાખનો વિદેશી દારૂ ઝડપાયો



(પ્રતિનિધિ) પાદરા, તા.7

પાદરા ના ભોજ ગામ ની સીમમાં આવેલા ખેતરના તબેલામાંથી એલસીબી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસે કુલ રૂ. ૩.૫૯ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એલસીબી પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ભોજ ગામ ખાતે ચોક્કસ બાતમી મળી હતી કે ભોજ હાજીવાળું ફળિયું, નાની ભાગોળ ખાતે રહેતો ઈરફાન ઈલીયાસ રાઠોડ પોતાના ખેતરમાં આવેલા તબેલામાં બહારથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મંગાવી સંતાડી રાખી છૂટક વેચાણ કરે છે.

જે બાતમીના આધારે એલસીબી પોલીસે સ્થળ પર રેડ કરતા તબેલામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ ૧૦૫૬ બોટલ અને બિયર ટીન સહિત રૂ. ૩,૪૯,૨૦૦ કિંમતનો દારૂ તથા એક મોબાઈલ ફોન કી.રૂ.૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૩,૫૯,૨૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# શિનોર-માલસર રોડ પર પાણીનો છંટકાવ ન થતા લોકો હાલાકીમાં

**માર્ગ પહોળો** કરવાની કામગીરી બની આફત, ઊબડખાબડ રસ્તાના કારણે સ્થાનિકોમાં ભારે આક્રોશ



(પ્રતિનિધિ) શિનોર, તા.7

વડોદરા જિલ્લાના શિનોરથી માલસર રોડ પહોળો કરવાની કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. માર્ગ પર પાથરાયેલા મેટલ, ઊડતી ધૂળ અને ઊબડખાબડ રસ્તાના કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. રોજિંદા અવરજવર કરતા લોકોમાં અકસ્માતનો ભય ફેલાયો છે. પરિસ્થિતિ ગંભીર બનતા નવા ચૂંટાયેલા પ્રતિનિધિએ સ્થળ મુલાકાત લઈ તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી છે.

શિનોરથી માલસર રોડ પર રોડ પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ કામગીરીમાં યોગ્ય તકેદારી ન રાખાતા લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. માર્ગ પર પાથરાયેલા મેટલના કારણે વાહનો સ્લીપ થવાની ભીતિ વધી ગઈ છે, જ્યારે પાણીનો છંટકાવ અને રોલર કામગીરી સમયસર ન થતાં ધૂળની ડમરીઓ ઊડી રહી છે. જેના કારણે વાહનચાલકોને રસ્તો જોવામાં મુશ્કેલી પડી રહી છે અને અકસ્માતની શક્યતાઓ વધી રહી છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે હાલની સ્થિતિ જોખમી બની ગઈ છે. રસ્તા પર પૂરતા સુરક્ષા બોર્ડ અને ચેતવણીના નિશાન ન હોવાથી રાત્રિના સમયે વધુ જોખમ ઉભું થઈ રહ્યું છે. લોકોના રોષ બાદ નવા ચૂંટાયેલા પ્રતિનિધિએ સ્થળ પર પહોંચી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને કોન્ટ્રાક્ટરને તાત્કાલિક માર્ગ સમતલ બનાવવા, પાણીનો નિયમિત છંટકાવ કરવા તેમજ ઝડપથી ડામરપેચકામગીરી પૂર્ણ કરવા સૂચના આપી હતી. સાથે જ વાહનચાલકોની સુરક્ષા માટે જરૂરી વ્યવસ્થા ઉભી કરવા તાકીદ કરવામાં આવી છે.

# પાદરા: આચાર્ય સંઘ દ્વારા નિવૃત્ત આચાર્યોનો વિદાય સમારંભ યોજાયો



(પ્રતિનિધિ) પાદરા, તા.7

પાદરા તાલુકાની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા ના આચાર્યશ્રીઓ ના સંગઠન પાદરા તાલુકા આચાર્ય સંઘ દ્વારા તારીખ 31/ 5/ 2026 ના રોજ નિવૃત્ત થઈ રહેલ આચાર્યશ્રી કમલેશભાઈ ઠક્કર પીપી શ્રોફ હાઈસ્કુલ પાદરા અને કૌશિકકુમાર રાણા શ્રી એમ.એમ.પી એસ એસ હાઈ સ્કૂલ માસરરોડનો નિવૃત વિદાય સમારંભ પાદરા ખાતે તા.4/5/26 ના રોજ યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન એસ.વી.એસ 3ના શિક્ષણ નિરીક્ષક રાજલક્ષ્મીબેન તથા મદદનીશ શિક્ષક નિરીક્ષણ કલ્પેશભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા.

પાદરા તાલુકા આચાર્ય સંઘ ના પ્રમુખ વિજયસિંહ પઢીયાર ,અને અધ્યક્ષ રાજેશભાઈ અમીન ,મંત્રી ભરતભાઈ પંચાલ અને ઉપપ્રમુખ દીપકભાઈ પટેલ તેમજ પાદરા તાલુકાની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા.

### પાણીપીવા નદીમાં ઉતરતા મગરનો બન્યો શિકાર

# વાઘોડિયાના વ્યારાના કાગડીપુરા ગામે દેવ નદીમાં 22 વર્ષીય યુવકને મગર ખેંચી ગયો





(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.7

વાઘોડિયાના દેવકાંઠા વિસ્તારમાં વસેલા વ્યારા ગામના કાગડીપુરા ગામે રહેતા મિથુન મહેશભાઈ વસાવા (22) નામના પશુચરવા ગયેલા યુવકનો આજે બપોરે શિકાર કર્યો હતો. કાળજાળ ગરમીમાં પશુધન ચરવા સીમમાં આવેલા યુવકને અસહ્ય ગરમી લાગતા પોતાની પાસે રહેલું પ્લાસ્ટિકનું કારબુ લઈ પાસે વહેતી દેવ નદીમાં પાણી ભરવા ઉતાર્યા હતો.

જ્યાં પાણીની સપાટી નીચે ઘાત લગાવી નરભક્ષી મગરે અચિંતો હુમલો કરી છલાંગ લગાવી યુવકને કમરના ભાગેથી જડબામાં દબોચી લીધો હતો.નદી કિનારે પશુ ચરાવતા લોકોએ મગરના જડબામાં મિથુનનો મૃતદેહ જોતા બૂમાબૂમ કરી હતી. મગર યુવકના મુખમાં તરફડતો હતો. અને મગર નદીમાં યોવકને લઈ લટાર મારવા લાગ્યો હતો. દ્રશ્ય વિચલિત કરે તેવુ હતું.સતત મગરના મુખમાં ફસાયેલ યુવક તરફડીયા મારતો હતો અને નદી નિર્દોષ યુવકના લોહી એ રંગાઈ હતી. કેટલાક યુવકોએ આ દ્રશ્ય મોબાઈલમાં શુટ કરી મદદ માટે ગામના સોશિયલ મીડિયા ગ્રુપમાં વિડિઓ વાયરલ કર્યો હતો.

મગરના શિકારનો ભોગ બનનાર કાગડીપુરાનો મિથુન મહેશભાઈ વસાવા પોતે શ્રમજીવી હોય પરિવારનો એકનો એક દીકરો મગરનો શિકાર બનતા ગામમાં શોકની લાગણી પ્રવરત્તિ જવા પામી છે. જોકે આ લખાય છે ત્યાં સુધી મગરના મુખમાંથી યુવકને છોડાવાની સફળતા બચાવ ટીમને હાથ લાગી નથી.

# પાવીજેતપુરમાં બંધ મકાનમાં અચાનક આગ લાગતા સામાન બળી ખાક

**પાવીજેતપુર** તાલુકા મથકે ફાયર માટે પાણીનો બમ્બો ન હોવાથી લોકોમાં રોષ



(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.7

પાવીજેતપુર પંથકના તળાવ ફળિયામાં રામસિંગભાઈ કેસુરભાઈ વાઘરીના બંધ મકાનમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. આસપાસમાં રહેતા લોકોને ઘટનાની જાણ થતાં સ્થાનિકોએ તાત્કાલિક દોડી આવી પાણી છાંટી મહામુશ્કેલીથી આગ પર કાબૂ મેળવ્યો હતો.

આ ઘટનામાં પ્રાથમિક દ્રષ્ટિએ બે બાઈક બળી ને ખાખ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત મકાનમાં રહેલ અન્ય સામાન સામગ્રીને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા સમયથી પાવીજેતપુર ખાતે ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માંગ કરવામાં આવી રહી છે. હાલમાં આગ જેવી ઘટના બને ત્યારે બોડેલી અથવા છોટાઉદેપુરથી ફાયર માટે પાણીનો બમ્બો બોલાવવો પડે છે. અંતર વધુ હોવાથી ફાયર ટીમ પહોંચે ત્યાં સુધી આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતી હોવાની ભીતિ લોકોમાં જોવા મળી રહી છે.

સ્થાનિકોએ માંગ કરી છે કે પાવીજેતપુર તાલુકા મથકે તાત્કાલિક ફાયર સેફટી અને પાણીના બમ્બાની વ્યવસ્થા કરવામાં આવે જેથી આગ જેવી આપત્તિ સમયે સમયસર કાર્યવાહી થઈ શકે.

# સાદરા ગામ ખાતે ઝેરી સાપના ડંખથી યુવકનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) પાદરા, તા.7

પ્રાપ્ત વિગતો અનુસાર, સાદરા ગામના ઉગમણા ભાગમાં રહેતા સુરેશભાઈ પ્રભાતભાઈ સોલંકી (ઉ.વ. ૪૭) તા. ૦૨/૦૫/૨૦૨૬ ના રોજ પોતાના આંટાવાળા ખેતરે બાજરીના પાકની દેખરેખ રાખવા માટે ગયા હતા. દરમિયાન રાત્રિના સમયે તેમને ઝેરી સાપે ડંખ માર્યો હતો. પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર માટે તેમને એસ.એસ. જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં સારવાર દરમિયાન ગતરોજ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે વડુ પોલીસ મથકે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સાધુ-સંતો અને હિન્દુ સંગઠનોની ઉપસ્થિતિમાં ગૌરક્ષા કાજે સરકારને રજૂઆત

# ગૌમાતાને રાષ્ટ્રીય માતાનો દરજ્જો આપવા કરજણમાં માલધારી સમાજની અપીલ



(પ્રતિનિધિ) કરજણ, તા.7

આજે કરજણ સેવાસદન ખાતે માલધારી સમાજ દ્વારા ગૌમાતાને રાષ્ટ્રીય માતા તરીકે ઘોષિત કરવાની માંગ સાથે મામલતદારને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કરજણ નગરના માલધારી સમાજના અગ્રણીઓ, હિંદુ સંગઠનોના યુવાનો અને સાધુ-સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર ગુજરાતમાં ગૌમાતા પ્રત્યે અપાર શ્રદ્ધા અને આદરભાવ પ્રવર્તે છે. હિંદુ સંસ્કૃતિ અને શાસ્ત્રો અનુસાર, ગાયને અત્યંત પવિત્ર પશુ ગણવામાં આવે છે અને તેને 'ગાય માતા'નું બિરુદ પણ આપવામાં આવ્યું છે. સદીઓથી ગાય ભારતીય સંસ્કૃતિનો અભિન્ન અંગ રહી છે, જે માત્ર દૂધ જ નહીં, પરંતુ કૃષિ, ધાર્મિક વિધિઓ અને આયુર્વેદમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

લાંબા સમયથી ગૌમાતાને રાષ્ટ્રીય માતાનો દરજ્જો આપવા અંગે સરકાર સ્તરે વિચારણા ચાલી રહી છે. આ મુદ્દો અનેક ધાર્મિક અને સામાજિક સંગઠનો દ્વારા વારંવાર ઉઠાવવામાં આવ્યો છે. જોકે, અત્યાર સુધી આ દિશામાં કોઈ નક્કર નિર્ણય લેવાયો નથી. આ વિલંબને કારણે ગૌભક્તો અને માલધારી સમાજમાં એક પ્રકારની અધીરાઈ જોવા મળી રહી છે.

આજે કરજણમાં માલધારી સમાજ દ્વારા આપવામાં આવેલું આવેદનપત્ર એ આ જ અધીરાઈ અને ગૌમાતા પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનું પ્રતિક છે. આ આવેદનપત્ર દ્વારા સરકારે ગૌમાતાને રાષ્ટ્રીય માતાનો દરજ્જો આપવા માટે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ તેવી અપીલ કરવામાં આવી છે. આ દરજ્જો ગૌરક્ષા અને ગૌસંવર્ધનના પ્રયાસોને વધુ વેગ આપશે, તેમજ ભારતીય સંસ્કૃતિના આ પવિત્ર પ્રતીક પ્રત્યેના આદરને વધુ મજબૂત બનાવશે.

આશા છે કે સરકાર આ આવેદનપત્રને ગંભીરતાથી લેશે અને ગૌમાતાને તેમનો યોગ્ય રાષ્ટ્રીય દરજ્જો પ્રદાન કરીને કરોડો ગૌભક્તોની ભાવનાઓનું સન્માન કરશે.

### ડભોઈમાં અલ મોહસીન નિશુલ્ક ટ્યુશન ક્લાસિસના 17 વિદ્યાર્થીઓ પાસ થતા આનંદ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.7

મોહસીન એ આઝમ મિશન સેવાભાવી સંસ્થા ધ્વારા નાતજાત,ધર્મ ના ભેદભાવ વિના પાછલા બે વર્ષ થી ધોરણ 01 થી 10 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અલ મોહસીન નિશુલ્ક ટ્યુશન ક્લાસિસ ચલાવાઈ રહ્યું છે. જેમા ચાલુ વર્ષ માં બોર્ડની પરીક્ષાનું પરિણામ આવતા ટ્યુશન કલાસ ના 17 વિદ્યાર્થીઓ નોંધપાત્ર માર્ક્સ સાથે પાસ થયા છે. જેથી ગરીબ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સંસ્થાની સેવાકીય કામગીરીની ભરપેટ પ્રસંશા થવા પામી છે. મોહસીન એ આઝમ મિશન સંસ્થા ધ્વારા મદની સાર્વજનિક સ્કૂલ માં નજીવી ફી થી સમાજના બાળકો ને શિક્ષણની અમૂલ્ય સેવા સાથે ધોરણ 01 થી 10 ના વિદ્યાર્થીઓ ને અલ મોહસીન નિશુલ્ક ટ્યુશન ક્લાસિસ ની સેવા પણ અપાઈ રહી છે.

### સાધુ-સંતો અને હિન્દુ સંગઠનોની ઉપસ્થિતિમાં ગૌરક્ષા કાજે સરકારને રજૂઆત

# ગૌ સન્માન માટે ગાયને 'રાષ્ટ્રમાતા'નો દરજ્જો આપવાની માંગ સાથે આવેદન

**"ગૌ માતાને** રાષ્ટ્ર માતા બનાવો" ના ગુંજતા નારાઓ સાથે બોડેલીના માર્ગો ભક્તિમય બન્યા



(પ્રતિનિધિ) બોડેલી, તા.7

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે આજરોજ "ગો સન્માન આહ્વાન અભિયાન" અંતર્ગત ભવ્ય ગૌ સન્માન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અલીપુરા ચોકડી ખાતેથી શરૂ થયેલી આ રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ સેવાસદન કચેરીએ પહોંચી હતી, જ્યાં એસ.ડી.એમ.ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. રેલી દરમિયાન ગૌસેવકો, સંત સમાજ, યુવાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકોની ઉપસ્થિતિ જોવા મળી હતી.

ગુજરાતમાં ગૌવંશના સંરક્ષણ, સંવર્ધન અને ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માટે એક વ્યાપક જન-આંદોલન 'ગો સન્માન આહ્વાન અભિયાન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

જે અંતર્ગત બોડેલી માં પણ વિવિધ હિન્દુ સંગઠન ભેગા મળી ને બોડેલી ના રામચોક થી સેવા સદન સુધી રેલી સ્વરૂપે ભારત માતા કી જય, અને ગૌ માતા ને રાષ્ટ્ર માતા બનાવો ના નારા સાથે પહોંચી ને બોડેલી SDM ને આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.